# નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી

## જામનગર વન વિભાગ

વન સંકુલ, ઈન્દિરા માર્ગ, જામનગર

ફોન નં. 0288-2553026 email: dcf-forest-jam@gujarat.gov.in /dcfjmr@gmail.com


ક્રમાંક:-બ/જમન/ટે.૭/3157-59 /૨૦૨૪-૨૫, તા:-11 /૧૧/૨૦૨૫.

(By R.P.A.D.)

પ્રતિ,

કાર્યપાલક ઈજનેરશ્રી,

નેશનલ હાઈવે ડીવીઝન,

કાશી વિશ્વનાથ મંદીરની બાજુમાં,

ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧.

| | |
|---|---|
| Ex. Eng. N. H. Div. RJT | |
| In No. 4580 | Dt. 2/12/25 |
| Branch | |
| A.D.S. | |
| D.A. | |
| Ex. Engr. | |

વિષય:- Diversion of 4.7732 ha forest land for up gradation of two lanning to four lanning from Kalavad to Jamnagar Saction from Stretches 50+925 to 4+700 Package – II in Jamnagar Distrcit favour of Executive Engineer, National Highway Division, Rajkot.

સંદર્ભ:- ૧) ભારત સરકારશ્રીના પત્રાંક:-FC-6/GJB-25/2023-GNR, તા:-૦૬/૧૧/૨૦૨૩.

૨) અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, જમીન, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્રાંક:-FCA/૨૯-A/૬૪૨-૪૪/૨૦૨૨-૨૬, તા:-૨૯/૦૯/૨૦૨૫.

ઉપર્યુક્ત વિષયવાળી આપની વન સંરક્ષણ ધારા-૧૯૮૦ અન્વયેની દરખાસ્તને સંદર્ભ-૧ વાળા પત્રથી સંધાંતિક મંજુરી મળેલી છે. આ સૈધાંતિક મંજુરીની શરતોની પૂર્તતા આપના દ્વારા અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, જમીન શાખાને કરવામાં આવેલ છે જે અંગેની જાણ સંદર્ભ-૨ વાળા પત્રથી આ કચેરીને થયેલ છે.

સદર બાબતે જણાવવાનું કે સંદર્ભ-૧ માં જણાવેલ પત્રથી આપની દરખાસ્તને સૈધાંતિક મંજુરી મળતા આ કચેરી દ્વારા તા:-૧૮/૧૧/૨૦23 ના રોજ ડીમાન્ડ નોટ ઇસ્યુ કરવામાં આવેલ છે. જેમાં જણાવેલ સરકારશ્રીમાં ભરપાઈ કરવાના થતા નાણા આપના દ્વારા તા:-૨૫/૦3/૨૦૨૫ ના રોજ સરકારશ્રીમાં ભરપાઈ કરવામાં આવેલ છે. આ કચેરી દ્વારા ડીમાન્ડ નોટ આપવામાં આવેલ ત્યારે જે-તે સમયના દરો પ્રમાણે ગણતરી કરી અને ડીમાન્ડ નોટ ઇસ્યુ કરવામાં આવેલ હતી પરંતુ આપના દ્વારા તા:-૨૫/૦3/૨૦૨૫ ના રોજ નાણા ભરપાઈ કરવામાં આવેલ છે તેથી તે સમયે ચાલતા વેતન દરો અનુસાર નાણા સરકારશ્રીમાં ભરપાઈ કરવાના થાય છે તેથી આપના દ્વારા ઉક્ત દરખાસ્ત અન્વયે સરકારશ્રીમાં ભરપાઈ કરવામાં આવેલ રકમ સિવાય નીચે જણાવેલ તફાવતની રકમ સરકારશ્રીમાં સત્વરે ભરપાઈ કરવી. સંદર્ભ-૧ વાળી સૈધાંતિક મંજુરીની સ્પેસિફિક કંડીશન નં.૧ અનુસાર સૂચિત રોડમાં દર ૫૦૦ મીટરના અંતરે ૨ થી ૩ મીટરની ઉંચાઈના અન્ડર પાસ બનાવવાના થાય છે. આ બાબતની

સ્થાનિકે અમલવારી કરવી અને સ્થાનિકે કામગીરી શરુ કરતાં પહેલાં આ બાબતેનું નક્કર આયોજન બનાવીને સત્વરે આ કચેરીએ રજુ કરવું અને સંદર્ભ-૧ વાળી મંજુરીમાં દર્શાવેલ તમામ શરતોનું પાલન કરવું.

| ક્રમ | સૈધાંતિક મંજુરીની શરત નંબર | ભરપાઈ કરેલી રકમ(રૂ) | ભરપાઈ કરવાની થતી રકમ(રૂ) | ભરવાની તફાવતની રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૧ | ૭૧,૬૨,૬૫૦/- | ૭૩,૭૯,૭૦૦/- | ૨,૧૭,૦૫૦/- |
| ૨ | ૧(બાઉન્ડ્રી પીલ્લર) | ૪૨,૧૭૦/- | ૪૩,૪૪૮/- | ૧,૨૭૮/- |
| ૩ | સ્પેસિફિક ૨. | ૭૨,૧૦,૦૦૦/- | ૭૪,૨૮,૪૮૫/- | ૨,૧૮,૪૮૫/- |

આમ, ઉપર જણાવેલ વિગતેની તફાવતની રકમ ઓનલાઈન ચલણ જનરેટ કરી અને સત્વરે ભરપાઈ કરી અને અન્ય શરતો સાથેનો કોમ્પ્લાયન્સ રીપોર્ટ આ કચેરીએ મોકલી આપવા વિનંતી.

નાયબ વન સંરક્ષક

જામનગર વન વિભાગ

જામનગર.

નકલ સાદર રવાના:- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, જમીન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ સંદર્ભ-૨ વાળા પત્ર અન્વયે જાણ સારું વિનંતી સહ.

નકલ સાદર રવાના:- મુખ્ય વન સંરક્ષકશ્રી, જુનાગઢ વન વર્તુળ, જુનાગઢ તરફ સંદર્ભ-૨ વાળા પત્ર અને તેની સાથે સામેલ થઇ આવેલ બિડાણની નકલ સહ જાણ થવા સારું વિનંતી સહ.